॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

અંક ઓગણીસમો.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.
નડીયાદ નિવાસી નાગર સાઠોદરા.
માણેકલાલ લલ્લુભાઇ મહેતા.

રાયીગેટના પુલ પાસે શ્રીજૈનવિદ્યાવિ[illegible]સમાં
શા. પોપટલાલ અમથાભાઇએ છાપ્યું–અમદાવાદ ૧૧૬

સં. ૧૯૭૭ પ્રત ૫૦૦. સને ૧૯૨૧

અષાડ શુકલપક્ષ. આવૃતિ ૧ લી. માહે જુન.

મફત.

॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

અંક ઓગણીસમો.

ગણપતીની સ્તુતી.

ત્રોટકવૃત્ત.

શીવસુત નમું ગણુ રાય તને,
કરો સાહ્ય સદા ઓગણી સ્તવને;
રચવા મતિ શુભ મને દેઇને,
સફળે ફળો અર્જ ઉરે લેઇને.

સરસ્વતીની સ્તુતી.

સાર્દુલ વીક્રીડીત છંદ.

વંદુ હું બ્રહ્મતનયા માત મ્હારી, વંદુ તને ચીતથી;
અંબાનું ઓગણી સ્તવન રચવા, વાણી દ્યો મા પ્રીત્યથી
વંદે જગત બધું ત્હને વિનયથી, સુબુદ્ધી દ્યો મા મને;
વિણા પુસ્તક ધારણી નીત્ય નમું, આનંદથી માતને.

ગરબી રાગ પીલુ.

ઉત્તર ગુજરાતેરે આરાસુર કહેવાય,
જ્યાં બીરાજે અંબેમાય;
આદ્ય શ્રેષ્ટજરે, શ્રાવણ સંઘ ગણાય;
તે સંઘ સાથે સઉ જાય.

ઝુલ. માનાં દરશન પ્રેમથી કરતારે,
નેનામૃતે આનંદ ભરતારે;
માનું ધ્યાન હૃદયમાં ધરતારે,
જેના ગુણલારે સુરસનકાદીક ગાય. જ્યાં બી.

વદ ચઉદશેરે, નાગર સઘળા આવે,
હવન કરીને માને રીઝાવે;
હવનમાંરે, ખીર ચુંદડી હોમાય;
ત્યાં વેદની ધુન્ય મચાય.

ઝુલ. બીજે દીન અમાંસ કેહેવાયરે,
સંઘવી વધામણું દેવા જાયરે;
ધજા પુજાપો લેઇને ત્યાંયરે,
દરવાજા બાહારરે, સંઘ સાથે સઉ જાય. જ્યાં બી.

ધજા રોપીરે, સઉ જન ગરબા ગાય,
ત્યાં ભીલ ભીલડી ભજવાય;
ગાતાં બજાતાંરે, વધામણું લેઇ આવે;
જય જય શબ્દે મંડપ ગજાવે.

ઝુલ. તે દી નાગર ભેળા થઇનેરે,

પુજા કરે અંબા પાસે જઇનેરે;
કરે થાળ શક્રાદય ગાઇનેરે,
કરતા આરતીરે, આનંદ અંગ ન માય. જ્યાં બી.
માને ચાચરેરે, નાગર ભવાઇ કરે છે,
સાથે બ્રાહ્મણો વેશો ધરે છે;
મા બેઠાંરે સનમુખ સરવે નીહાળે,
ભવાઈ કરતાં ત્હેને સંભાળે.
ઝુલ. ત્યાં વાવ કલોદર સારીરે,
ભૈરવ ખેચર છે બળધારીરે;
ખોડીયાર અજાઈ ત્યાં સુખકારીરે,
માન સરોવરેરે, સવારમાં સઉ નાહ્ય. જ્યાં બી.
આરાસુરથીરે, કોટેશ્વર સઉ જાય;
જઇ સરસ્વતીમાં નાહ્ય;
ત્યાંથી જાતારે, કોટેશ્વર કઇલાસ;
જ્યાં શીવ ઉમીયાનો વાસ.
ઝુલ. ચાર જુગના છે શીવરાયરે,
દરશન કરતાં દુઃખ સઉ જાયરે;
પુજા કરીને લાગે સઉ પાયરે,
જેનો મહીમારે સરસ્વતી મ્હાત્મ્યમાંહ્ય. જ્યાં બી.
ત્યાંથી વળતાંરે, વાલ્મીક છે મ્હાદેવ;
જેની સુર સઉ કરતા સેવ,
પછી ત્યાંથીરે આરાસુર સઉ જાય;

જઈ નમે અંબાને પાય.

ઝુલ. દરશન કરીને ગુણુલા ગાયરે,
માગે મનવાંછીત દ્યો માયરે;
સદા કરજો મા અમને સાહ્યરે,
સરવે તે પછીરે, નીજ ઉતારે જાય. જ્યાં બી.
અંમાયારે દરશન તેડા પારે,
તમ વીના મને કોણ તારે;
જેવો તેવોરે, ભક્ત જાણી મ્હારાજ,
રાખો બાંહ્ય ગ્રહ્યાની લાજ.

ઝુલ. હું તો કરજોડીને કહું છુંરે,
માજી ગુણુલા ત્હારા ગાઉં છુંરે;
શહેર નડીયાદ મધ્યે રહુ છુંરે,
માણેકલાલરે માજી તમ ગુણ ગાય. જ્યાં બી.

ગરબી.

મહીયારી, મળી ચાલીરે મહી વેચવા [એ રાગ]
આસોના, દીવસરે અતી રળીયામણા,
શરદ રૂતુની ખીલી ચાંદની રાતજો;
તે સમયે, અંબા ઉર આનંદ વધ્યો,
ગરબો ગાવા માએ વીચારી વાતજો. આસો.
એટલામાં, બહુચર કાળી આવીયાં,
નવદુરગા વારાહી વીશ્વ વીખ્યાતજો;
અરબુદા, અન્નપુર્ણા ને અજાઇ છે,

અષ્ટભુજા આશાપુરી અરૂણા માતજો. આસોના.
કમળાને, કુંજવતી કાત્યાયની,
કઉશકી કામાક્ષી ને મા કપીલાય જો;
કનકાઈ, કઉમારી ત્યાં આવીયાં,
ખોડીયાર માને હરસીદ્ધ હીંગળુ જાયજો. આસોના.
નંદા ને, આનંદા તુળજા તોતળા,
આવ્યાં ત્યાં ચંડી ને ચામુંડાયજો;
કુસુમકળા, કુલબાઈ સીંધવાઈજે,
ભદ્રકાળી ભુવનેશ્વરી મા ભદ્રાયજો. આસોના.
માહાકાળી મહાલક્ષ્મી ને માહેશ્વરી,
ઈંદ્રાણી ઉમયા ને લક્ષમી માતજો;
વીશ્વજીતા, વરદાયની વ્રજમંગળા,
શશીકળા ને વેદવતી વીખ્યાતજો. આસોના.
અલકનંદા, ઉમંગા સુખસારીકા,
ચોસઠ જોગણી આવ્યાં મા દરબારજો;
સઉ શક્તી, આવી અંબાને મળ્યાં,
જય જય શબ્દની વાણી ત્યાં ઉચરાજો. આસોના.
અંબા કહે, તમ આવ્યે આનંદ થયો,
નવરાત્રીમાં નવલા કરીએ ખેલજો:
ભલે આવ્યાં, મુજ દરબારે ઉમંગથી,
ગરબા ગાઇને કરજો રંગની રેલજો. આસોના.
મન ગમતી, મોજ કરો અલબેલીઓ,

શણગાર સજીને સરવે થાઓ તઇયારજો;
એમ કહી ચાચર ગરબો મેલીયો,
સઉ શકતોને આનંદ વાધ્યો અપારજો. આસોના.
દામણીયો, બાંધીરે મોતી હીરા તણી,
કુમકુમ ચાંદલા કીધા સરવે કપાળજો;
નાકે ધરી, હીરા જડેલી વાળીયો,
કાને કલાફુલ એરીંગ ઝળકે ઝાલજો. આસોના.
આંખલડી, આંજીરે અતી ઘણા હેતથી,
તારાટપકી ચોહોડી ગોરે ગાલજો;
સાડીયો, પેહેરીરે વીધવીધ રંગની,
ચરણા ચોળી લીલી પીળી લાલજો. આસોના.
ઉરધરીયા, મોતી હાર હીરા તણા,
મોહનમાળા મગમળા ફુલ હારજો;
ઉતરીયો, અછોડા સોના સાંકળી,
ચંદનહાર ને ચીસપટી ચળકારજો. આસોના.
અરીસા નવસર હાર ને ઝુમણું,
રત્ન જડ્યા પેહેર્યા એકાવળ હારજો;
તુસીને, તનમનીયાં બહુ શોભતાં,
ચંપક કળીને ગુલછડી ગુલજારજો. આસોના.
ચેણામળા, રાણુમાળાને કાંઠલી,
હીરાકંઠી રત્નમણીના હારજો;
ગળે ધરીયા, ગળુબંધ સોના તણા,

હીરે જડેલા ઝળકે તેજ અપારજો. આસોના.
વળી પેહેર્યા, ફુલના હાર અતી ઘણા,
મોગરો મેહેકે જાઈ જુઇ મંદારજો,
ફુલ ગુલાબ ચંપાના હાર ચોસરાં,
કેતકી ને ચંબેલી કેરા હારજો. આસોના.
બંગડીયો ચુડીને કંકણ કાંકણી,
ગજરાં ગુજરીયો મોતી કેરા વાંકજો,
હીરે જડયાં, દરશનીયાં કડાં સાંકળાં,
ફુલભર્યા અંબોડે ચળકે ચાકજો. આસોના.
આંગળીએ, અંગુઠી ને વેઢ વીંટીયો,
બજોઠા બેરખી મોતીની સોહાયજો;
કટીએ તો, કંદોરા છે કનકના,
મોતી તોરા ગુસ્તક સઉ મંમાયજો. આસોના.
શણગાર, એવા સજી સાહેલીયો,
મનગમતાં સઉએ પેહેર્યા છે ત્યાંયજો;
આનંદે, ઉમંગ્યો શકતો સાથને,
ચાચરમાં પછી ગરબે રમવા જાયજો. આસોના.
ચાચરમાં, ઝગમગ જ્યોત્યો ઝળકીયો,
ગાવા માંડયાં ગીત તે સરવે સાથજો;
લંક લળી, ગીત મધુરાં ગાય છે,
એક એક સ્હામું જોઈ લે તાળી હાથજો; આસોના.
નેપુરના, ઘુઘરા ત્યાં ઘમકી રહ્યા,

કલ્લાં કાંબી ઝાંઝરનો ઝમકારજો,
અણુવટ ને બીછુવા પાએ શોભતા,
ફુલ સાંકળાં ને લંઘરનો ચળકારજો. આસોના.
ગીત ગાએ, રસ ભર્યા રંગલીયો,
ત્હેના શબ્દની ધુન્ય ગગનમાં જાયજો;
નરઘાંને, સારંગી સુરવીણા તણા,
સુર મીલાવી સરવે સાથે ગાયજો. આસોના.
ગાએ ત્યાં, ગીત મધુરાં મલપતાં,
અંબા બહુચર બેલી થઈ સઉ સાથજો;
કોકીલ સમ, સ્વર ઝીણા અતી શોભતા,
ઝીલે છે સઉ તાળી લેઈને હાથજો. આસોના.
જોવાને, શીવ વીધી વીશ્નુ આવીયા,
વીમાને સુર સઉ બેસી જુવે તે વારજો;
ઇંદ્ર અમર જય જય શબ્દો ઉચ્ચારતા,
અંત્રીક્ષ રહીને વરસાવે ફુલહારજો. આસોના.
નવ દીન, નવરાત્રી ખુબ ખેલીયાં,
રમ્યાં જમ્યાં અંબા દરબારે ત્યાંયજો;
દસરાએ, પારણાં કરી જમ્યાં પ્રીત્યથી,
ગરબો ગાઇને માગી સરવે વીદાયજો. આસોના.
જય જય કહી, માતંગી વેરાઈ ગયાં,
અતી આનંદે નીજ નીજ સ્થાનક જાયજો;
ગરબો આ, મનગતો પુરો થતાં,

અંબામાને આનંદ અંગ ન માયજો. આસોના.
આ ગરબો, ગાય શીખે ને સાંભળે,
ત્હેને અંબા દેસે પદારથ ચારજો;
ભાવ થકી, અંબાને જે કોઈ ભજે,
આપશે ત્હેને રીદ્ધસીદ્ધના ભંડારજો. આસોના.
સંવત, ઓગણીસી તોતેર સાલમાં,
પોસ સુદ બીજને મંગળ દીન શુભ પેરજો;
માણેકલાલ, લલ્લુભાઈ ગુણ ગાય છે,
નાગર સાઠોદરા રેહે છે નડીયાદ માંહ્યજો. આસોના.

ગરબી.

સુંદીર શોભીતી અંબાની છબી સારી. એ રાગ.

અંબે મતબાલી, આનંદ દ્યો બીરદાળી,
ગબ્બર ધઢવાળી. અંબે મત બાલી,
આનંદ દ્યો મત૦ ગબ્બર૦
આરાસુર અંબે અલબેલી
સીંહ્વાસને છબીલી છેલી;
નીત્ય કરો છો રંગની રેલી,
સુર સઉ પુજે માતને પેહેલી.
ત્હારે ચાચરે આનંદ એહેલી. અંબે મત.
આદ્ય શક્તી આનંદની દાતા,
નીત્ય નીત્ય સુર સઉ દરશન ન્હાતા;
શેવે શીવ વીશ્નુ ને વીધાતા,

સુર સનકાદીક ગુણ તુજ ગાતા;
એવાં અખીલ જગતની માતા. અંબે મત.
સુર સરવની અરજ ઉર ધારી,
કીધી મા ત્હેં સીંહપર સ્વારી;
મહીસાસુર આદ્યે નાંખ્યા મારી,
રક્તબીજ ને રણ સંહારી;
માર્યા શુંભ નીશુંભ બળધારી. અંબે મત.
દરશન તેડા દીનદયાળી,
પુજુ પારા ત્હારા માત કૃપાળી;
જાગતી જ્યોતો ત્હારી જયાળી,
ચાચર ત્હારે નીત્ય દીવાળી;
હું તો નજરે લેઊં મા ન્યાળી. અંબે મત.
એવો આનંદ મને અંબા દેજો,
મુજ હૃદયામાં વસીને રહેજો;
અરજ મ્હારી અંતરમાં લેજો,
પારે તેડીને ચરણ રજ દેજો;
માજી મુજરો મ્હારો માની લેજો. અંબે મત.
જય જય અંબા આનંદકારી,
ઈંદ્ર અમર સૃષ્ટી સરજનારી;
જ્યાં જોઊં ત્યાં શક્તી તમારી,
નીજ ભકતોને અભય દેનારી;
તુજ કૃતી તણી બલીહારી. અંબે મત.

સત્ય ભરૂંસો મા છે તમારો,
કાર્ય તો સઘળાં મ્હારાં સુધારો;
આ અવનીમાં આશરો ત્હારો,
બાંહ્ય ગ્રહ્યાની લાજ વધારો;
માણેકલાલ કહે ઉર ધારો' અંબે મત.

ગરબી.

હાંરે ચાલો ડાકોરમાં જઇ વસીએ. એ રાગ.

હાંરે આરાસુરમાં અંબા દયાળી,
જય જય ગબ્બરગઢ વાળીરે. આરાસુરમાં.
સીંહાસન પર માત બીરાજે,
ઝગમગ જ્યોત્યો જ્યાળીરે. આરાસુરમાં.
મુસ્તક મુગટમાં હીરલા ચળકે,
ઝળકે મોતી તણી વાળીરે. આરાસુરમાં.
કાને કલાકુલ એરીંગ લળકે,
માની મુરતી દીસે મરમાળીરે. આરાસુરમાં.
ગળે મોતીના હાર ધરીને,
બીરાજ્યાં મા મતબાલીરે. આરાસુરમાં.
દેવ સરવ આવી પાય નમીને,
દરશન કરતાં નીહાળીરે. આરાસુર.
માણેકલાલ છે દાસ તમારો,
કેહે છે કરજો કરૂણા કૃપાળીરે. આરાસુર.

ગરબી જોટો.

હાંરે આરાસુરમાં માત હમારી,
બેઠાં સીંહાસને બળધારીરે. આરાસુરમાં.
ભકતો આવી નીત્ય નમે જેને પાએ,
તેહેને જગમાં જસ દેનારીરે. આરાસુરમાં.
વીશ્નુ વીધી ને શીવની છે જાયા,
જેની શકતી સબળ વીસ્તારીરે. આરાસુરમાં.
સુર સરવની વ્હારે ચઢીને,
નાંખ્યા મહીશાસુર આદ્યે મારીરે. આરાસુરમાં.
જનમી જગતમાં એને ના નીરખ્યાં,
તે તો મીથ્યા જનમ ગયો હારીરે. આરાસુરમાં.
માયા જેની આરે જગતમાં,
વ્યાપી રહી ન્યારી ન્યારીરે. આરાસુરમાં.
એરે માયાને કોઈ પાર ના પામ્યા,
વીશ્નુ વીધીને ત્રીપુરારીરે. આરાસુરમાં.
માટે સેવો સઉ અંબે મૈયાને,
જે છે ભક્તને સુખ દેનારીરે. આરાસુરમાં.
માણેકલાલ ગુણલા તુજ ગાયે,
ત્હેને નીત્ય આનંદ દેનારીરે. આરાસુરમાં માત.

ગરબી જોટો.

હાંરે આરાસુરમાં અંબા માતા,

કરો ભક્તોને સુખસ્થાતારે. આરાસુર.
આદ્યશકતી સઉ ઠામે વસીયાં,
છો વીશ્વ વીશે વીખ્યાતારે. આરાસુર.
અકળ કળા ત્હારી પાર ના પામ્યા,
સઉ ઋષી મુની ગુણ તુજ ગાતારે. આરાસુર.
ઘણા રંક ને રાય કર્યા ત્હેં,
એવી આનંદની છો દાતારે. આરાસુર.
સુર સકળની અરજ સુણીને,
માર્યા દહીતો ત્હેં મદમાતારે. આરાસુર.
ઈંદ્ર અમર સઉ જસ તુજ ગાયે,
આવી નારદ તુમર બજાતારે. આરાસુર.
માણેકલાલની માત અંબીકા,
તેડી દરશન કરો સુખસ્થાતારે. આરાસુર.

ગરબી.

પુર્ણ થયો છે ખેલ સજનો પુર્ણ થયો૦ એ રાગ.

જય જય શ્રી અંબાય, અંબેમૈયા જયજય શ્રી અંબાય.
આરા તે સુરની હો રાય, અંબેમૈયા જય જય શ્રી અંબાય.
ઓગણી સ્તવન મ્હેં રચીયાં તમારાં,
તે રચવા કરી તમે સ્હાય. અંબે મૈયા.
વાણી વીમળ તમે આપી મુજને,
સઉ જન તુજ ગુણ ગાય. અંબે મૈયા.
પાલવ ગ્રહ્યાની લાજ ત્હેં રાખી;

કરી પુર્ણ ત્હેં મ્હારી ઇચ્છાય અંબે મૈયા.
આદ્યશક્તી મા ગુણલા તમારા,
ગાતાં આનંદ ઉભરાય. અંબે મૈયા.
પુર્ણ કરો મુજ મનના મનોરથ,
માગું તમ પાસે માય. અંબે મૈયા.
ઓગણી સીતોતેર શ્રાવણ સંઘે,
તેડો પારે મને માય. અંબે મૈયા.
પ્રથમ સ્તવન સત્તર ત્હેં સ્વીકાર્યાં,
હવે બે સ્વીકારી કરો સહાય. અંબે મૈયા.
અરાઢ ઓગણી સ્તવનજ અર્પિં,
પુજુ પારો તમારો જગમાય. અંબે મૈયા.
સઘળાં સ્તવન સ્વીકારી મૈયા,
કરો મુજપર મા કરૂણાય. અંબે મૈયા.
ભુલ ચુકની માફી આપી,
દોશ મહારા ના જોશો માય. અંબે મૈયા.
શાષ્ટાંગે તમ પાએ પડી માગુ,
દ્યો મન વાંછીત સહાય. અંબે મૈયા.
આ અવનીમાં મ્હારે એક તું અંબા,
અન્ય પાસે ના જાચુ માય. અંબે મૈયા.
સફળ કરો સઉ કાર્યજ મ્હારાં,
જગ જસ દેઈ કરો સહાય. અંબે મૈયા.

માણેકલાલ પ્રણામ કરી કહે,
જય જય શ્રી અંબાય. અંબે મૈયા.

દોહરા.

સ્તવન રચ્યું ઓગણીસમું, જસ તારા સઉ ગાય;
સ્વિકારી સુખ આપજો, આરાસુરની રાય.
ભવતારક ભુવનેશ્વરી, વિશ્વતણી પ્રતીપાળ,
અતી આનંદે ભક્તની, લીધી મા સંભાળ.
ઇચ્છા મુજ મનમાં હતી, ગાવા તુજ ગુણ ગ્રામ;
પુરી કરી માજી તમે, આપી મુજને હામ.
સકળ વિશ્વમાં માહારે, ત્હારો છે વિશ્રામ;
ચરણે નમી વંદન કરૂં, માનો મુજ પ્રણામ.
લજ્યા રાખી ત્હેં ભક્તની, શુભ વાણી દઈ માય;
પ્રણામ કરૂં નીત્યે નમી, જય જય શ્રી અંબાય.

સમાપ્ત.